# <u>પી.એચ.ડી.પ્રવેશ પરીક્ષા ૨૦૧૮–૧૯</u>

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ધ્વારા પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા અંતર્ગત વિધાર્થીઓએ નિયત ફી ભરી યુનિવર્સિટીમાં પોતાના ફોર્મ જરૂરી અધાર પુરાવા સાથે નિયત સમય મર્યાદામાં જમા કરાવેલ છે.આ અન્વયે આપે ઓનલાઈન જે માહિતી ભરેલ છે તે અને યુનિવર્સિટીમાં તેના પુરાવા માટે સાથે હાર્ડકોપીમાં જે ડોકયુમેન્ટ જમા કરાવેલ છે તેની પ્રાથમિક ચકાસણી અંતે નીચે મુજબની ત્રણ પ્રકારની વિધાર્થી યાદી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે.

યાદી નં ૧ : પ્રવેશ પરીક્ષામાંથી જે વિધાર્થીઓને મુકતી મળવાપાત્ર છે તેવા વિધાર્થીઓની પ્રોવિઝનલ યાદી

યાદી નં ૨ : જે વિધાર્થીઓને પી.એચ.ડી.પ્રવેશ પરીક્ષા આપવાની થાય છે તેવા વિધાર્થીઓની પ્રોવિઝનલ યાદી

યાદી નં ૩ : જે વિધાર્થીઓના ડોકયુમેન્ટ તપાસતા અધૂરી માહિતી /વિસંગતતા વગેરે જણાયેલ છે. તેવા વિધાર્થીઓની પ્રોવિઝનલ રીઝેકટેડ યાદી

<u>**યાદી નં ૧ અંગેની સૂચના**</u>

યુનિવર્સિટી પી.એચ.ડી. ઓર્ડીનાન્સ પ્રમાણે જે વિધાર્થીઓએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.પ્રવેશ માટેની કવોલીફાઈગ પરીક્ષા (PG EXAM) પાસ કરેલ છે અને જેઓએ NET/SLET/M.PHIL (UGC 2009 ની માર્ગદર્શિકા પ્રમાણે) પાસ કરેલ હોય તેવા વિધાર્થીઓને જ પ્રવેશ પરીક્ષામાંથી મુકિત મળવાપાત્ર થશે.વધુમાં જણાવવાનું કે આવા વિધાર્થીઓ જયારે VIVA માટે અત્રે ઉપસ્થિત રહેશે ત્યારે તેમના ઓરીજનલ ડોકયુમેન્ટ તપાસતાં તેમણે જે વિગત ઓનલાઈન આપેલ છે તેમાં કોઈ ક્ષતિ / ભૂલ /વિસંગતતા જણાશે તો તેમનો પ્રવેશ માટેનો કોઈ હકક દાવો રહેશે નહિ તેમની અરજી દફતરે કરવામાં આવશે, ભરેલ ફી પરત મળવા પાત્ર થશે નહિ તેમજ આ અંગેની કોઈપણ દાદ ફરીયાદ રહેશે નહિ તથા સાંભળવામાં આવશે નહિ તેની દરેક વિધાર્થીઓએ ખાસ નોંધ લેવી.

<u>**યાદી નં ૨ અંગેની સૂચના**</u>

જે વિધાર્થીઓ પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા બાદ VIVA માટે કવોલીફાય થશે અને જયારે તેઓ અત્રે VIVA માટે ઉપસ્થિત રહેશે ત્યારે તેમના ઓરીજનલ ડોકયુમેન્ટ તપાસતા તેમણે ઓનલાઈનમાં જે વિગત આપેલ છે તેમાં કોઈ ક્ષતિ / ભૂલ /વિસંગતતા જણાશે તો તેમનો પ્રવેશ માટેનો કોઈ હકક દાવો રહેશે નહિ તેમની અરજી દફતરે કરવામાં આવશે,ભરેલ ફી પરત મળવા પાત્ર થશે નહિ તેમજ આ અંગેની કોઈપણ દાદ ફરીયાદ રહેશે નહિ સાંભળવામાં આવશે નહિ તથા તેની દરેક વિધાર્થીઓએ ખાસ નોંધ લેવી.

<u>**યાદી નં ૩ અંગેની સૂચના**</u>

જે વિધાર્થીઓના પ્રવેશ પરીક્ષા ફોર્મ રીમાર્કસમાં જણાવેલ કારણોસર રદ કરેલ છે. આવા રદ કરેલ વિધાર્થીઓની યાદી પૈકીના કોઈ વિધાર્થીને તેનું ફોર્મ જે કારણોસર રદ કરેલ છે તેની સામે કોઈ લેખીત રજૂઆત કરવાની થતી હોય તો તેવા વિધાર્થીઓએ આધાર પૂરાવા અને અરજી સાથે તા. ૧૫/૨/૨૦૧૯ ના રોજ બપોરના <u>**૧૨ થી ૪ દરમ્યાન**</u> ગણિતશાસ્ત્ર ભવન ખાતે રૂબરૂમાં કમિટિ સમક્ષ ઉપસ્થિત રહેવું. વિધાર્થી ધ્વારા રૂબરૂ હાજર રહી રજૂ કરેલ પૂરાવાને આધારે કમિટિ / યુનિવર્સિટી જે નિર્ણય લેશે તે વિધાર્થીને બંધનકર્તા રહેશે આ બાબતે કમિટિ / યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે. વધુમાં ત્યાર પછી તેની કોઈ રજૂઆત કે તે અંગેની કોઈપણ દાદ ફરીયાદ સાંભળવામાં આવશે નહી જે ધ્યાને લેશો અને તેની દરેક વિધાર્થીઓએ ખાસ નોંધ લેવી.